# ફોર્મ ભરતા પહેલા જરૂરી અતિ આવશ્યક સુચનાઓ

## સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે પ્રવેશ પ્રક્રિયાના ફોર્મ ભરતા પહેલા નીચેના મુદ્દાઓ ખાસ ધ્યાનમાં લો

૧. વિદ્યાર્થીએ ઓનલાઈન અરજી કરવા માટે સૌ પ્રથમ **ug.gsauca.in** પર જઇને જરૂરી ચલણ ફોર્મ ભરવા બધીજ વિગતો એકદમ ચોકસાઇ પૂર્વક સાચી ભરી, ભરેલ વિગત ફરી બરાબર ચકાસી ફોર્મ ફી રૂા.300/-(નોન રિફંડેબલ) ઓનલાઇન (UPI / ડેબીટકાર્ડ / ક્રેડીટકાર્ડ અથવા નેટબેકીંગથી) ભરવાની રહેશે. ચલણ ફોર્મ ભરતી વખતે જો ઉમેદવારની રકમ તેઓના બેંક ખાતામાંથી ડેબિટ થઈ ગઈ હોય અને ચલણ નંબર જનરેટ ના થયો હોય, તો ૨૪ કલાક રાહ જુઓ અને ત્યારબાદ ચલણ નંબર જનરેટ ન થાય તો તમામ વિગતો સાથે **uggsauca@nau.in** પર મેઈલ કરવાનો રહેશે.

૨. ફોર્મ ફી ભર્યાબાદ ચલણ નંબર નાખવાથી ઓનલાઇન ફોર્મ એક્ટીવેશન થશે અને ફોર્મ ભરી શકાશે.

૩. પ્રવેશ ફોર્મ ઓનલાઇન ભરવાનું રહેશે તેમજ જરૂરી બધા જ અસલ (ઓરીજીનલ) ડોક્યુમેંટની સ્કેન કોપી (PDF)(સ્પષ્ટ વાંચી શકાય તેવી) તથા ફોટો અને સહીનો નમુનો (jpeg) અપલોડ કરવાનાં રહેશે અને ત્યાર બાદ જ ઓનલાઇન ફોર્મ સબમીટ કરવાનું રહેશે.

૪. ઓનલાઈન ભરેલ અરજી પત્રકમાં અપલોડ કરેલા તમામ ડોક્યુમેંટની ચકાસણી ઓનલાઈન જ થશે જેથી **વિદ્યાર્થીઓએ ડોક્યુમેન્ટ વેરીફિકેશન માટે રૂબરૂ આવવાનું રહેતું નથી.**

૫. ઓનલાઈન ફોર્મ વેરીફાય થયા બાદ "Your registration form is successfully verified" નો મેસેજ જે તે વિદ્યાર્થીના રજીસ્ટર્ડ મોબાઇલ પર આવશે. મેસેજ આવ્યા બાદ ચોઇસ ફીલીંગ કરવી ફરજીયાત છે. વિદ્યાર્થીએ જે તે પ્રોગ્રામ કેટેગરીમાં આવતી કોલેજોમાંથી પસંદગીની કોલેજોને અગ્રતાક્રમ મુજબ ટીક (√) કરવાની રહેશે. **જેઓએ ચોઇસફીલીંગ કરેલ નહી હોય તેઓનુ નામ મેરીટ યાદીમાં સમાવેશ થશે નહી. જે અંગેનો વિદ્યાર્થીનો પાછળથી કોઈ હક્કદાવો રહેશે નહિ.**

૬. જો વિદ્યાર્થીએ ભરેલ ફોર્મમાં કે અપલોડ કરેલા ડોક્યુમેંટમાં કોઇ ભૂલ હશે તો યુનિવર્સીટી કક્ષાએથી ફોર્મ અનવેરીફાય થયા બાદ "Your registration form is unverified" નો મેસેજ જે તે વિદ્યાર્થીના રજીસ્ટર્ડ મોબાઇલ પર આવશે. આવા વિદ્યાર્થીઓએ **ug.gsauca.in** વેબસાઇટ પર **Check Application Status** અથવા રજીસ્ટર્ડ મેઈલ પરથી ફોર્મનું સ્ટેટસ જાણી તેમા આવેલ ક્વેરી (ક્ષતી) જોઇ વેબસાઇટ પર **Edit Application Form** માં જરૂરી સુધારો કરી ફરીથી સબમીટ કરવાનું રહેશે. બાદમાં તે ફરીથી વેરીફાઇ કરવામાં આવશે અને **"Your registration form is successfully verified"** નો મેસેજ આવશે. **મેસેજ આવ્યા બાદ ચોઇસ ફીલીંગ કરવુ ફરજીયાત છે.**

૭. ચોઇસ ફીલીંગ કર્યાબાદ સુચવેલ અગત્યની તારીખ પ્રમાણે કામચલાઉ પ્રોગ્રામ કેટેગરી વાઇઝ મેરીટ લીસ્ટ અને મોક રાઉન્ડ બહાર પડશે જેનુ વિશ્લેષણ કરી ચોઈસફીલીંગ (કોલેજ પસંદગીમાં) સુધારો કે વધારો કરી શકાશે.

૮. મોક રાઉન્ડની સુચિત તારીખ દરમ્યાન અંતિમ વખત ચોઇસ બદલી શકાશે ત્યારબાદ ઓનલાઇન એડમીશન પ્રક્રિયા દરમ્યાન ચોઇસ બદલી શકાશે નહિ.

૯. જે તે ડીગ્રી કોર્ષના નિયમોનુસાર પ્રોગ્રામ કેટેગરી/કોલેજ-વાઈઝ મેરીટ લીસ્ટ તૈયાર કરી નિયત તારીખો દરમ્યાન વેબસાઇટ **www.gsauca.in** અથવા **ug.gsauca.in** પર મુકવામાં આવશે.

૧૦ **ગુણ સુધારણા અથવા પૂરક પરીક્ષા આપનાર હોય તેવા ઉમેદવારો માટે :**
જે ઉમેદવારો ધોરણ-૧૨માં (વિજ્ઞાન પ્રવાહ)ની બોર્ડ દ્વારા **જુન-૨૦૨૬** મા લેવાનાર તમામ વિષયોની **ગુણ સુધારણા** અથવા **પૂરક પરીક્ષા** આપનાર હોય તેવા ઉમેદવારોએ ઓનલાઇન ફોર્મ ભરવાની છેલ્લી તારીખ સુધીમા **માત્ર ફોર્મ** ફી રૂા.300/-(નોન રિફંડેબલ) ઓનલાઇન (UPI / ડેબીટકાર્ડ / ક્રેડીટકાર્ડ અથવા નેટબેકીંગથી) ભરી **ચલણ ફોર્મ ભરવાનું રહેશે** અને પૂરક પરીક્ષાનું પરિણામ જાહેર થયા બાદ જ તે ચલણથી વેબસાઇટ પર સૂચના મૂકવામાં આવશે તે મુજબ નિયત તારીખમાં ફોર્મ ભરવાનું રહેશે અને ત્યારબાદ નિયત સમયમાં વેરીફાય કરાવી ચોઈસ ફિલિંગ કરી લેવાની રહેશે. **(એટલે કે ગુણ સુધારણા / પૂરક પરીક્ષા આપનાર હોય તેવા ઉમેદવારોએ તેઓનું પરિણામ જાહેર ન થાય ત્યાં સુધી હાલ માત્ર ચલણ જ ભરવાનું રહેશે.)**

**નોંધ : જો ઉમેદવારે અરજી ફોર્મ ભરતા સમયે કોઈ ખોટી મહિતી આપેલ છે, તેવું માલુમ પડશે તો પ્રવેશ માટેની તેની ઉમેદવારી રદ થશે અને તેણે ભરેલી ફી નિયમોનુસાર જપ્ત થશે.કોલેજ ખાતે પ્રમાણપત્રોની ચકાસણી સમયે જે ઉમેદવારોના પ્રમાણપત્રો સાચા જણાશે, તેમનો પ્રવેશ જે તે યુનનવનસિટીમાં માન્ય ગણાશે.**